ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લાની પાંચ બેઠકોનું મતદાન બીજા તબક્કામાં પમીએ યોજાશે

**જિલ્લામાં ૧૩૫૦ મતદાન મથકો : નોંધાયેલા મતદારો ૧૩,૨૫,૬૦૪ છે, જિલ્લામાં મતદાન મથકો ૬૪૭ જેટલા સ્થાનો પર છે : ગત ચૂંટણી કરતાં નવ દિવસ વહેલુ મતદાન યોજવામાં આવશે : તંત્ર તૈયારીમાં વ્યસ્ત બન્યુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સહિત ઉ. ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બીજા તબક્કામાં યોજાશે. આ માટેનું જાહેરનામુ ૧૦મી નવેમ્બરના રોજ જારી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારો છે. ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ કાર્યક્રમ મુજબ ૫ મી ડિસેમ્બરના રોજ મતદાન યોજવામાં આવશે. ગુજરાતમાં બે તબક્કામાં સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવશે.

૨૦૧૭માં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કે થઈ હતી અને પ્રથમ તબક્કાનું મતદાન ૯ ડિસેમ્બર અને બીજા તબક્કાનું મતદાન ૧૪ ડિસેમ્બરના રોજ થયુ હતુ જે નોંધનીય છે.

આ વખતે બીજા તબક્કાનું મતદાન નવ દિવસ વહેલુ થશે. મતગણતરી ૮ મી ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં ૧૩૫૦ મતદાન મથકો વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે નિયત કરવામાં આવ્યા છે. દહેગામમાં ૨૫૫, ગાંધીનગર (દ) માં ૩૫૧, ગાંધીનગર (ઉ) માં ૨૪૨, માણસામાં ૨૬૫ અને કલોલમાં ૨૭૭ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે. ૬૪૭ સ્થાનો પર આ મતદાન મથકો આવેલા છે. જિલ્લામાં પંચના નિર્દેશ મુજબ પહેલીવાર ૬૭૫ મતદાન મથકો પર પંચ દ્વારા સીધી નજર રાખવામાં આવશે.

આજે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. જાહેર સ્થાનો પર લગાવવામાં આવેલ હોર્ડિંગ્સ, બેનર તેમજ ભીતચિત્રો જે કરવામાં આવ્યા છે તે બધા જ દૂર કરવાની કામગીરીનો આરંભ થઈ ગયો છે.

જિલ્લામાં ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાય તે માટે ૧૬ જેટલા નોડલ ઓફિસરોની નિયુક્તી કરી દેવામાં આવી છે. જિલ્લામાં આ વખતે પાંચ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો, ૩૫ મહિલા સંચાલિત મતદાન મથકો, એક મતદાન મથકમાં સૌથી નાની વયના કર્મયોગી દ્વારા સંચાલન થશે તેમજ પાંચ આદર્શ મતદાન મથકો, પાંચ દિવ્યાંગ કર્મયોગી સંચાલિત મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

જિલ્લામાં પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીનો ઓગષ્ટમાં ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ થયો હતો. આ પછી મતદાર યાદી સુધારણા ઝુંબેશને અંતે ૧૦મી ઓક્ટો.ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ થઈ હતી. જેમાં જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૨૫,૬૦૪ છે.

૨૦૧૭ની તુલનામાં જિલ્લામાં ૧૧ ટકા જેટલા નવા મતદારો ઉમેરાયા છે અને તેમાં ૧૮ થી ૧૯ વર્ષના મતદારો સૌથી વધુ ઉમેરાયેલા છે.

જિલ્લામાં નોંધાયેલા મતદારોમાં ૬,૭૯,૨૪૨ પુરૂષ મતદારો છે અને ૬,૪૬,૩૪૩ મહિલા મતદારો તેમજ ૪૯ ત્રીજી જાતિના મતદારો છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પૈકી કોંગ્રેસ પાસે હાલ ૩ બેઠક છે જ્યારે ભાજપ પાસે બે બેઠકો છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય ધમધમાટ પણ શરૂ થઈ ગયો છે. સંભવિત ઉમેદવારોએ વિસ્તારમાં ખાટલા બેઠકો તેમજ સંપર્કોને સ્થાપિત કરી અને વ્યુહરચનાઓ તૈયાર કરી રહ્યા છે.

જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓ તંત્રએ વેગીલી બનાવી દીધી છે. જિલ્લામાં જરૂરી ઈ.વી.એમ. ઉપલબ્ધ છે. તેનું એફ.એલ.સી. પણ કરી દેવામાં આવ્યુ છે. ચૂંટણી માટેના કર્મયોગીઓની ડેટા એન્ટ્રી પુરી થઈ ગઈ છે અને હવે આગામી દિવસોમાં તેમને તાલિમ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

### જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તારમાં આચારસંહિતા ભંગ અંગે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૩૪૫ પર ફરિયાદ કરી શકાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારમાં આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ધી ક્લોક ટોલ ફ્રી નંબર આજથી શરૂ કરવામાં આવ્યો છે. આ ટોલ ફ્રી નંબર-૧૮૦૦-૨૩૩-૨૩૪૫ છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર જિલ્લામાં કુલ પાંચ વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થાય છે. આજથી ચૂંટણી જાહેર થઈ છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય, તેનું સુચારુ આયોજન જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા બેઠકો પર ચૂંટણી દરમિયાન આચારસંહિતા ભંગની વિવિધ ફરિયાદોનું અસરકારક નિયમન થાય તે માટે ૨૪ X ૭ કલાક ફરિયાદ નિવારણ એકમ કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કરવામાં આવ્યું છે. આ ફરિયાદ નિવારણ એકમમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતા ભંગ સંબંધિત વિવિધ ફરિયાદો આ ટોલ ફ્રી નંબર પર કરી શકશે.

### જિલ્લામાં ચૂંટણીની કેટલીક મહત્વની વાતો

- જિલ્લામાં મતદારોની દ્રષ્ટિએ અને વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) છે.
- જિલ્લામાં ઓગષ્ટમાં પ્રસિદ્ધ કરાયેલા મતદારયાદીના ડ્રાફ્ટ રોલ કરતાં આખરી પ્રસિદ્ધ કરાયેલા મતદારયાદીમાં ૧૫,૬૫૧ નવા મતદારો શોધીને ઉમેરવામાં આવ્યા છે.
- જિલ્લામાં યુવા મતદારો સૌથી વધુ છે.
- જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા મતદારો ૦.૯૭ ટકા છે જ્યારે ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારો ૧૪.૧૭ ટકા છે.
- ૨૦૧૭ની ચૂંટણીમાં ૩ ઓક્ઝીસરી મતદાન મથકો બનાવાયા હતા. ૨૦૧૭ની ચૂંટણીમાં ૧૩૪૨ મતદાન મથકો હતા આ વખતે ૨૦૨૨માં ૧૩૫૦ મતદાન મથકો છે.
- જિલ્લામાં ૧૦૦ ટકા મતદારો એપિક કાર્ડ ધરાવે છે.
- ૨૦૧૭ની ચૂંટણી કરતાં ૧૧ ટકા મતદારો વધ્યા છે.

### ૨૦૧૭ ચૂંટણી કરતાં ૨૦૨૨ની ચૂંટણી માટે ૧,૫૦,૦૧૦ મતદારો વધ્યા

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭માં યોજાયેલ સામાન્ય ચૂંટણી કરતાં આગામી સામાન્ય ચૂંટણીમાં ૧,૫૦,૦૧૦ નવા મતદારો નોંધાયા છે.

છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર (દ)માં ૬૬,૬૪૭ નોંધાયા છે. આ પછી કલોલ વિધાનસભા મત વિસ્તારમાં ૨૪,૬૫૭, ગાંધીનગર (ઉ)માં ૨૧,૩૧૩, દહેગામમાં ૧૯,૩૨૪ અને માણસામાં ૧૮૦૬૯ નવા મતદારો નોંધાયા છે.

૨૦૧૭ની સામાન્ય ચૂંટણીવેળાએ ૧૧,૭૫,૫૯૪ મતદારો નોંધાયેલા હતા. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીવેળાએ ૧૨ લાખ ૫૦ હજાર કરતાં વધુ મતદારો હતા હવે ૨૦૨૨ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૧૩,૨૫,૬૦૪ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં મતદારો વધ્યા છે અને સાથે સાથે રાજકીય જાગૃત્તિ પણ વધી છે.



રાજકીય ધમધમાટ - ચૂંટણી જાહેર થતા જ રાજકીય પાર્ટીઓના કાર્યાલયો ધમધમી રહ્યા છે. ટીકીટ મેળવવાની લ્હાયમાં સંભવિત ઉમેદવારો રાજકીય પાર્ટીઓના કાર્યાલયો ખાતે ભીડ જમાવી રહ્યા છે. આ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીની ગુજરાત પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠક કમલમ્ ખાતે યોજાઈ હતી. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આ બેઠકમાં માર્ગદર્શન માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં આજે જિલ્લાના સંભવિતોની યાદી ચર્ચાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે આજે પાર્લામેન્ટરી બોર્ડમાં નિરીક્ષકો તેમનો અહેવાલ રજુ કરશે.

સવારે ૮ વાગે કમલમ્ કોબા કાર્યાલય ખાતે નિરીક્ષકો, શહેર-જિલ્લા પ્રમુખ, મહામંત્રીઓ દ્વારા આ રજુઆત કરવામાં આવશે.

જિલ્લાની પાંચેય બેઠકો માટે તાજેતરમાં નિરીક્ષકોએ રજુઆતો સાંભળી હતી અને ૧૬૮ જેટલા ઉમેદવારોએ દાવા રજુ કર્યા હતા. બે દિવસ સુધી નિરીક્ષકોએ આ અંગે રજુઆતો સાંભળી હતી. ગાંધીનગર (દ) અને ગાંધીનગર (ઉ) માં સૌથી વધુ દાવેદારોએ દાવા કર્યા હતા જે ઉલ્લેખનીય છે.

ગઈકાલે નિરીક્ષકો અને સંગઠ્ઠનના આગેવાનો વચ્ચે સંકલન સમિતિની એક વિશેષ બેઠક મળી હતી અને તેમાં વિવિધ સમીકરણો તેમજ જિલ્લાની રાજકીય સ્થિતિની સમીક્ષા કરવાની સાથે રજુ થયેલા દાવાઓમાંથી ઉમેદવારોના નામ શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે આજે પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ ૬૦ જેટલા પાંચેય બેઠકોના દાવેદારોના નામ અને રાજકીય સ્થિતિ સાથે ચર્ચા માટે રજુ કરવામાં આવી શકે છે.

જિલ્લામાં હાલ મનપા, જિલ્લા પંચાયતમાં ભાજપ સત્તાસ્થાને છે. જિલ્લામાં જિલ્લાની રાજકીય સ્થિતિ અંગે પણ નિરીક્ષકો તેમના અહેવાલમાં વિગતો સાથેનો રજુ કરશે. આજે પાર્લામેન્ટરી બોર્ડમાં રજુઆત પછી બોર્ડ દ્વારા ત્રણથી ચાર નામની પેનલ તૈયાર કરી કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડને મોકલશે અને ત્યાંથી ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

જિલ્લાની પાંચેય બેઠકો પર વિજયનો સંકલ્પ શહેર-જિલ્લા ભાજપ સંગઠ્ઠને કરેલો છે. જિલ્લામાં પાંચ બેઠકોમાંથી ભાજપ પાસે બે બેઠકો છે.

## જિલ્લાના શહેરી વિસ્તારના ૨૫ મતદાન મથકોમાં સરેરાશ કરતાં ઓછુ મતદાન નોંધાયુ હતુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં જે ૫૫ મતદાન મથકો પર ઓછુ મતદાન નોંધાયુ છે તેમાં ગાંધીનગર શહેરના ૧૧ મતદાન મથકો છે.

ગાંધીનગર (દ)માં ૬ શહેરી મતદાન મથકો એવા છે જ્યાં ઓછુ મતદાન નોંધાયુ હતુ. કલોલ બેઠકમાં ૬ મતદાન મથકો શહેરી વિસ્તારના છે જ્યાં ગ્રામ્યની તુલનામાં ઓછુ મતદાન નોંધાયુ હતુ અને દહેગામમાં બે શહેરી મતદાન મથકો એવા છે જેમાં ગ્રામ્યની તુલનામાં ઓછુ મતદાન નોંધાયુ હતુ.

આમ જિલ્લામાં ૨૫ મતદાન મથકો શહેરી વિસ્તારના એવા છે જ્યાં ગ્રામ્ય વિસ્તારની તુલનામાં ઓછુ મતદાન નોંધાયુ હતુ એટલુ જ નહિ શહેરી વિસ્તારના અન્ય બુથોની તુલનામાં પણ ઓછુ મતદાન નોંધાયુ હતુ.

કેન્દ્રીય ચૂંટણી પંચે ઓછુ મતદાન થયુ હતુ તેવા મતદાન મથકો પર આ વખતની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપી છે.

આજથી ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃત્તિ અભિયાનને લઈ ‘‘અવસર રથ’’નો પણ પ્રારંભ થયો છે. જિલ્લામાં આ અવસર રથ પાંચ દિવસ ભ્રમણ કરશે. આ પાંચ દિવસના ભ્રમણ દરમ્યાન ખાસ નુક્કડ શૉ તેમજ અન્ય જન જાગૃત્તિના વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે. રાજ્યમાં ૧૮૨ બેઠકો પર ૨ હજારથી વધુ મતદાન મથકો ચૂંટણી પંચે અલગ તારવ્યા છે જે નોંધનીય છે.

## શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટ અંગે તપાસના નામે મીંડુ

**અગાઉ નવ નિર્મિત સરકારી આવાસોમાંથી પેટાભાડુઆતોના કિસ્સા પ્રકાશમાં આવ્યા બાદ સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસોમાં તપાસ ઝુંબેશ આગળ વધી નથી : આવાસોની ઘટ વચ્ચે અનઅધિકૃત કબજેદારો સામે પણ કોઇ પગલા નહીં લેવાતા મકાન ફાળવવાનુ વધુ મુશ્કેલ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં પાંચ દાયકા જુના સરાકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના લીધે જુના અને કંગાળ આવાસો તોડીને નવા મકાનો બાંધવાની યોજના સંદર્ભે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે હાલ કર્મચારીઓ માટે શહેરમાં રહેણાંકને લાયક પુરતા આવાસ નથી જેના લીધે તંત્રના ચાપડે આવાસ મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવાસોની ઘટ વચ્ચે પણ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે તપાસના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે.

શહેરમાં એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસોની ઘટ છે. અલબત્ત દાયકાઓ જુના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી તબક્કાવાર સેકટરોમાં નિર્માણ કરાયેલા વિવિધ કેટેગરીના સરકારી આવાસો હવે પાંચ દાયકા જેટલા લાંબા સમયગાળા બાદ ભયજનક સ્થિતિમાં છે. સેકટરોમાં જોખમી મકાનોનો અંગે અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જયારે જોખમી આવાસો દુર કરવા માટે તબક્કાવાર જુદી જુદી કક્ષાના મકાનો તોડવા માટે પણ વિભાગ કક્ષાએથી મંજુરી પણ આપવામાં આવે છે. ડિઝાઈન સર્કલ કક્ષાએથી આવાસો જોખમી હોવાને મહોર લાગી ગયા બાદ સમયાંતરે ભયજનક મકાનોનો કડુસલો કરવામાં આવે છે. હાલ પણ શહેરના સેકટરોમાં કંગાળ આવાસોને તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ જુના મકાનો તોડીને તેના ઠેકાણે ઓછી જગ્યામાં નવા ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે. કોર્પોરેટ લુક અને સુવિધા ધરાવતા આ મકાનોના નિર્માણનુ કામ પણ ચાલી રહ્યુ છે. જુના મકાનો તોડીને ખુલ્લી થયેલી ખાલી જગ્યામાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે જો કે આ મામલે હજુ સ્થળ પસંદગી આખરી કરવામાં આવી નથી પરંતુ હાલની સ્થિતિએ શહેરના સેકટરોમાં ઉપલ્બધ સરકારી આવાસો પૈકી ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. જયારે આ મકાનો પણ ટુંકમાં તબક્કાવાર નિકાલ હેઠળ આવરી લેવામાં આવશે. ત્યારે માર્ગ મકાન

● અનુસંધાન પાન-૭ પર


**SHARE INDIA SECURITIES LIMITED**

CIN: L67120GJ1994PLC115132

Registered Office : Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower-A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355

Tel.: 0120-4910000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

**EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2022**

(Amount in ₹ Lakhs except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended 30.09.2022 | Quarter Ended 30.09.2021 | Year Ended 31.03.2022 |
|---|---|---|---|---|
| | | Unaudited | Unaudited | Audited |
| 1 | Total income from operations | 24,329.18 | 21,826.20 | 87,101.41 |
| 2 | Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 9,527.33 | 6,367.02 | 27,244.44 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 9,527.33 | 5,667.56 | 26,544.98 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 7,206.57 | 4,280.36 | 20,183.79 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | 7,413.44 | 4,342.61 | 20,009.15 |
| 6 | Paid up Equity Share Capital (Face Value Rs 10/-) | 3,190.66 | 3,190.66 | 3,190.66 |
| 7 | Other Equity | - | - | 41,474.13 |
| 8 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Basic) EPS Before Exceptional Items | 22.43 | 15.61 | 65.45 |
| | EPS after Exceptional items | 22.43 | 13.42 | 63.26 |
| 9 | Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Diluted) EPS Before Exceptional Items | 22.34 | 15.61 | 65.45 |
| | EPS after Exceptional items | 22.34 | 13.42 | 63.26 |

Notes : (1) The above is an extract of the detailed format of result for quarter and half year ended on 30th September, 2022 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at www.bseindia.com and NSE at www.nseindia.com as well as on the Company's website at www.shareindia.com

(2) The key information of Standalone Financial Results for quarter and half year ended on 30th September, 2022 are as follows :

(Amount in ₹ Lakhs)

| Particulars | Quarter Ended 30.09.2022 | Quarter Ended 30.09.2021 | Year Ended 31.03.2022 |
|---|---|---|---|
| Turnover | 17,402.24 | 16,243.53 | 67,354.45 |
| Profit before tax | 5,967.55 | 4,700.17 | 20,222.17 |
| Profit after tax | 4,492.17 | 3,810.73 | 15,659.75 |

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Sachin Gupta
CEO & Whole Time Director
DIN : 00006070

Place : Noida
Date : 02.11.2022


## સ્થાયી સમિતિમાં રૂ. ૧૦૬ કરોડથી વધુના ૬ કામોને મંજૂરી અપાઈ

**મનપા દ્વારા ૧ રોડ સ્વીપર ખરીદવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં રૂ. ૧૦૬ કરોડના વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

ચેરમેન જસવંતભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ૧૧ વાગે મળેલ સ્થાયી સમિતિની બેઠક ૧૦ જ મિનિટમાં પૂર્ણ થઈ ગઈ હતી. છેલ્લી ત્રણ બેઠકોમાં ૬૦થી વધુ મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા છે. આ ત્રણેય બેઠકો છેલ્લા ૨૦ દિવસના ગાળામાં જ યોજાઈ છે જે નોંધનીય છે.

આજે મળેલ બેઠકમાં ગાંધીનગર-કોલવડાના ૬ નંબરના માર્ગ પર ઓવરબ્રીજ બાંધવા માટેના ટેન્ડરને મંજૂરી આપવામાં આવી છે. આ ઓવરબ્રીજ માટે તાજેતરમાં જ રાજ્યના મુખ્યમંત્રીએ રૂ. ૫૦ કરોડની ફાળવણી કરતા હુકમો કર્યા હતા.

આજે સ્થાયી સમિતિમાં આ અંગેનું ટેન્ડર જે ૧.૨૮ ટકા જેટલુ ઉંચુ આવ્યુ હતુ અને તે મંજૂર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર મનપા દ્વારા ૧ રોડ સ્વીપર ખરીદવામાં આવશે. આજની બેઠકમાં ખોરજ ગામે પેયજળ વિતરણ અને નેટવર્કનું કામને પણ બહાલી આપવામાં આવેલ છે.

ચરેડી ખાતે વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તેમજ ઈલેક્ટ્રીક અને મિકેનીકલ વર્ક તેમજ પાંચ વર્ષના ઓપરેશન અને મેઈન્ટનન્સ માટેનું ટેન્ડર રૂ. ૨૧ કરોડથી વધુની રકમના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે. આ બેઠકમાં રમત-ગમતના સાધનોની કીટ કાઉન્સીલરોની તેમજ પદાધિકારીઓની ગ્રાન્ટમાંથી ખરીદી માટે આવેલ ટેન્ડર જે રૂ. ૯૮,૬૬ લાખને મંજૂર કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે એક કીટ પાછળ ૩૨૮૯ રૂ.નો ખર્ચ થશે.

મનપા દ્વારા છેલ્લા ૨૦ દિવસમાં જે નિર્ણયો લેવામાં આવ્યા છે તે રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી પંચ હરકતમાં આવ્યુ છે. ઠેર ઠેર લગાવવામાં આવેલા હોર્ડીંગ્સને ઉતારી લેવા સૂચના અપાતા વહીવટીતંત્ર કામે લાગી ગયુ છે. સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર અર્થે લગાવવામાં આવેલા હોર્ડીંગ્સને ઉતારવાની કામગીરી ચાલી રહી છે.

## શહેરમાં શિયાળાના પ્રારંભે રોજબરોજ પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યા

**ચ-૩ બાદ આજે એસ ટી ડેપોના ગેટ પાસે પાણીના ખોબોચિયા ઉભરાયા : પાણીનો બગાડ થતો અટકાવવા માટે ત્વરિત લીકેજીસને ડામવા પણ પ્રબળ માંગ**



ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ હોવાનુ મનાય છે. જયારે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી નગરમાં પાણીનો બગાડ વિશેષ થતુ હોવાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. ગઈકાલે ચ-૩ પાસે પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. જયારે આજે શહેરના એસ ટી ડેપો પાસે ગેટની બહાર પાણી વહેતુ નજરે પડયુ હતુ. વારંવાર પાણી લીકેજીસની સમસ્યાથી પાણીનો બગાડ પણ વિશેષ થઈ રહ્યો હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યો છે. લીકેજીસને ડામવા માટે ત્વરિત કામગીરી હાથ ધરવી અનિવાર્ય છે. શહેરમાં પાણીના લીકેજીસની સમસ્યા ન ઉદભવે તે માટે લાઈનનુ ચેકીંગ હાથ ધરવાની પણ અનિવાર્યતા છે.

શહેરમાં દિવાળીના પર્વ બાદ પાણીના વપરાશમાં ઘટાડો થયો છે. અલબત્ત ઉનાળાની સાપેક્ષમાં શહેરમાં પાણીનો વપરાશ ૩૦ ટકા જેટલો ઘટયો હોવાનુ પણ મનાય છે. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. જયારે આ પ્રોજેકટની પુર્ણતાના અંતે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવામાં આવશે જયારે મીટર પધ્ધિતથી પાણી સપ્લાય કરવાની આ યોજનાના અંતે સેકટરવાસીઓને પાણીના વપરાશ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com